**ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નં.૪ ના પ્રમુખ અધિકારી શ્રી એચ. એ. ભુતવાલા અમદાવાદ સમક્ષ.**

**રેફરન્સ (આઈ.ટી.) નં.૧૮૪/૨૦૧૮.**

**પ્રથમ પક્ષકાર** : **જીલ્લા આયુર્વેદ અધિકારીશ્રી,**
આયુર્વેદ શાખા, સાતમો માળ, જીલ્લા પંચાયત બિલ્ડીંગ,
લાલ દરવાજા, અમદાવાદ–૩૮૦ ૦૦૧.

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર** : **અખિલ ગુજરાત જનરલ મઝદૂર સંઘ,**
બીજો માળ, અરબ ચેમ્બર્સ, પત્થરકૂવા પેટ્રોલ પંપની સામે,
રીલીફ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧.

પ્રથમ પક્ષકાર તરફે : વિ. વ. શ્રી એ.જી.પાંડે.
બીજા પક્ષકાર તરફે : પ્રતિનિધી શ્રી એમ.એચ.સંઘરીયાત.

**: આંક–૧૩ ની વચગાળાની મનાઈ અરજી લગત હુકમ :**

**૧.** આ કામે બીજા પક્ષકારે આ અરજી આપી જણાવેલ છે કે, રેફરન્સના પરિશિષ્ટમાં જણાવેલ કામદારો તેમના નામની સામે દર્શાવેલ દાખલ તારીખથી પ્રથમ પક્ષકાર સંસ્થામાં દાખલ થયેલા અને તમામની ભરતી જીલ્લા આયુર્વેદિક શાખા, જીલ્લા પંચાયત ધ્વારા કરવામાં આવેલ છે. કામદારોની ભરતી જે તે સંવર્ગમાં પંચાયતમાં કરવામાં આવેલ હોવા છતાં વર્ષ–૨૦૧૧ થી સરકારશ્રીના આઉટસોર્સથી કામગીરી કરાવવાના ઠરાવનો આધાર લઈ કામદારોને આઉટસોર્સના કામદારો તરીકે વર્ગીકૃત કરવાનું શરૂ કરેલ. અધિકારીશ્રી ધ્વારા નોકરીની શરતોમાં ફેરફાર કરતાં સમયે આઈ.ડી.એકટ–૧૯૪૭ ની કલમ : ૯ એ મુજબ કોઈ નોટીસ ઓફ ચેઈન્જ આપેલ નહિ. કામદારો દાખલ તારીખથી સતત અને સળંગ ફરજ બજાવતા આવેલા. આ રેફરન્સ કેસ ન્યાય નિર્ણય અર્થે પેન્ડીંગ હોવા છતાં સબંધિત કામદારોને વિવાદના

લાભોથી વંચિત રાખવાના બદઈરાદે યેનકેન પ્રકારની કાર્યવાહી હાથ ધરી રહેલ છે અને વિવાદના લાભકર્તા કામદારોની જગ્યાએ અન્ય કામદારોની ભરતી કરવાના છે. જેથી સંસ્થાનું આ પગલું ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોય તેને અટકાવવું આવશ્યક હોવાથી આ અરજી કરેલ હોવાનું જણાવેલ છે. કામદારોને છૂટા કરવામાં આવે તો તેઓ અને કુટુંબીજનોને ભૂખમરાથી મરવાનો વારો આવે તેમ છે. સંસ્થા તેમના બદઈરાદામાં સફળ થાય તો આ રેફરન્સનો મુળભૂત હેતુ માર્યો જાય તેમ છે, જેથી યથાવત પરિસ્થિતિ જાળવી રાખવી જરૂરી છે. આ અરજી મંજૂર કરવાથી સંસ્થાને કોઈ નાણાંકીય નુકસાન થાય તેમ નથી અને સંસ્થાની વધારાની કોઈ આર્થિક જવાબદારી ઉપસ્થિત થતી નથી. જેથી બેલેન્સ ઓફ કન્વિનિયન્સ અને ઈરરીપેરેબલ લોસનો મુદ્દો કામદારોની તરફેણમાં છે. બીજા પક્ષકારે દાદ માંગેલ છે કે, રેફરન્સ હુકમના પરિશિષ્ટ મુજબના કામદારોની નોકરીની શરતો અંગે રેફરન્સ હુકમ થયો ત્યારની જે પરિસ્થિતિ હતી તે પરિસ્થિતિ યથાવત જાળવી રાખે તેવો પ્રથમ સંસ્થા વિરૂધ્ધ હુકમ કરવા તેમજ પરિશિષ્ટ મુજબના કામદારોની ફરજ ઉપર જતાં કે ચઢતાં રોકે–રોકાવે નહિ કે છૂટા કરે–કરાવે નહિ તેમજ નોકરીની ચાલી આવતી શરતોમાં ફેરફાર કરે–કરાવે નહિ તેવો મનાઈ હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

**૨.** સદર અરજી તા.૧૪/૧૦/૨૦૧૯ ના રોજ રજૂ કરતાં બીજા પક્ષકારને સાંભળીને કોર્ટ ધ્વારા ''આ કામનાં પ્રથમ પક્ષકારને હુકમ કરવામાં આવે છે કે હવે પછીની મુદ્દત સુધી બીજા પક્ષકારોની નોકરીની શરતોમાં યથાવત પરિસ્થિતિ જાળવી રાખવી. તેમજ બીજા પક્ષકારની સદર મનાઈ અરજીમાં માંગેલ દાદ શા માટે કાયમ ન કરવી તે અંગેની પ્રથમ પક્ષકારને કારણદર્શક નોટીસ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.''

**૩.** સદર હુકમ થયા બાદ પ્રથમ પક્ષકારે આંક–૧૮ થી સદર મનાઈ અરજીનો વાંધા જવાબ રજૂ કરેલ છે. સંસ્થાએ મુખ્યત્વે તકરાર લીધેલ છે કે, જાહેર સેવા આયોગ ધ્વારા વર્ગ–૪ માટે જાહેરાત બહાર પાડેલ નથી જેથી તેવા સંજોગોમાં નોકરી રાખવાનો પ્રશ્ન પેદા થતો નથી. બીજા પક્ષકારે મનઘડત અને ખોટી ઉપજાવી કાઢેલી હકીકત રજૂ કરેલ છે. સંસ્થાએ વર્ગ–૪ ના કર્મચારી તરીકે નિમણૂંક પત્ર આપી નોકરીએ રાખેલ જ નથી તે સંજોગોમાં તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે. બીજા પક્ષકારો અરજીમાં જણાવ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકદાર ન હોય

વચગાળાના મનાઈ હુકમની અરજી ખર્ચ સહિત રદ કરી, પ્રથમ પક્ષકારને કોમ્પેન્સેટરી કોસ્ટ અપાવવા અરજ કરેલ છે.

**૪.** અરજી સંદર્ભે બીજા પક્ષકારના પ્રતિનિધી શ્રી એમ.એચ.સંઘરીયાતની દલીલો સાંભળી. તેઓએ આંક–૧૩ ની અરજી મુજબની રજૂઆત કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, જો આ અરજી મંજૂર કરવામાં ન આવે તો આ રેફરન્સનો કોઈ અર્થ રહે નહિ અને કામદારો નોકરી વિનાનાં થઈ જાય તો ભૂખમરાની સ્થિતિમાં જીવવું પડે તેમ છે. પ્રથમ પક્ષકાર તરફે વિ.વ.શ્રી એ.જી.પાંડેએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, સંસ્થાએ વર્ગ–૪ ના કર્મચારીઓની નિમણૂંક માટે કોઈ જાહેરાત બહાર પાડેલ નથી. જેથી નવી નિમણૂંકનો કોઈ પ્રશ્ન ન હોય આંક–૧૩ ની અરજી રદ કરવા અરજ કરેલ છે.

**૫.** ઉભય પક્ષકારોની દલીલ તથા કેસ રેકર્ડ વંચાણે લીધું. આ રેફરન્સ કેસ ઉપસચિવ, શ્રમ અને રોજગાર વિભાગ ધ્વારા પરિશિષ્ટ–અ માં દર્શાવેલ વર્ગ–૪ ના ૧૦ કર્મચારીઓ માટે ન્યાય નિર્ણય અર્થે મોકલી આપવામાં આવેલ છે. બીજા પક્ષકારે આંક–૧૩ ની અરજી તા.૧૪/૧૦/૨૦૧૯ ના રોજ દાખલ કરેલ છે. ત્યારબાદ પ્રથમ પક્ષકારે આજદિન સુધીમાં વર્ગ–૪ ના કર્મચારીઓની ભરતી માટે જાહેરાત આપી હોય કે ભરતીની પ્રક્રિયા શરૂ કરી હોય તેવો કોઈ પ્રથમ દર્શનીય પુરાવો રજૂ કરેલ નથી. અરજી આપ્યા બાદ આશરે સાડા પાંચ વર્ષ જેટલો સમય વ્યતિત થયેલ છે. તે તમામ હકીકતમાં આ અરજી ઈન્ફકચ્યુઅસ બનેલ હોવાનું અને આ અરજીમાં કોઈ આધાર ન હોવાનું જણાય છે.

**૬.** વધુમાં કોર્ટ ધ્વારા તા.૧૪/૧૦/૨૦૧૯ ના રોજ ''આ કામમાં **હવે પછીની મુદ્દત સુધી** બીજા પક્ષકારોની નોકરીની શરતોમાં યથાવત પરિસ્થિતિ જાળવી રાખવી તેવો હુકમ'' કરવામાં આવ્યા બાદ સદર યથાવત પરિસ્થિતિનો મનાઈ હુકમ લંબાવવા બાબત બીજા પક્ષકાર તરફે આજદિન સુધી કોઈપણ એકસટેન્શન અરજી આપવામાં આવેલ નથી. જે તમામ હકીકત અને રેકર્ડ વંચાણે લેતાં બીજા પક્ષકારનો કોઈ પ્રથમ દર્શનીય કેસ જણાતો નથી અને બેલેન્સ ઓફ કન્વિનિયન્સ પણ બીજા પક્ષકારના લાભમાં હોય તેવું આ તબકકે જણાતું નથી. તે સંજોગોમાં બીજા પક્ષકારે આ અરજી સાથે રજૂ કરેલ નામદાર ગુજરાત હાઈકોર્ટનો **દિલ્હી પબ્લિક સ્કૂલ –વિ– સ્ટેટ ઓફ ગુજરાત. એસસીએ નં.૩૩૪૭/૨૦૧૩**

નો તા.૧૭/૦૪/૨૦૧૩ ના રોજનો ચુકાદો બીજા પક્ષકારને મદદરૂપ બનતો નથી. પ્રથમ પક્ષકારના જવાબની રજૂઆતો ધ્યાને લેતાં કામદારોને કોઈ ઈરરીપેરેબલ લોસ થાય તેવી સંભાવના નથી. બીજા પક્ષકારે વચગાળાની અરજીના તબકકે પુરવાર કરવાના ત્રણ મહત્વના મુદ્દા પૈકી એકપણ મુદ્દો પોતાની તરફેણમાં પુરવાર કરેલ ન હોય, બીજા પક્ષકાર આંક–૧૩ ની અરજીમાં જણાવ્યા મુજબની દાદ મેળવવા હકદાર બનતાં નથી. તે સંજોગોમાં રેકર્ડ ઉપરની તમામ હકીકતો અને દલીલો ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) બીજા પક્ષકારની **આંક–૧૩** ની વચગાળાની મનાઈ અરજી ''**નામંજૂર**'' કરવામાં આવે છે. વધુમાં યથાવત પરિસ્થિતિના હુકમનો તા.૧૪/૧૦/૨૦૧૯ બાદની મુદ્દત તા.૨૫/૧૧/૨૦૧૯ ના રોજ આપોઆપ અંત આવેલ હોય તે અંગે કોઈ વધુ હુકમ કરવાનો રહેતો નથી.

(૨) આ અરજીનો ખર્ચ બીજા પક્ષકારે ભોગવવો.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સભંળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ.
તારીખ : ૧૯/૦૬/૨૦૨૫.

**(હેમાંસુ અમૃતલાલ ભુતવાલા)**
પ્રમુખ અધિકારી,
ઔદ્યોગિક ન્યાયપંચ, કોર્ટ નં.૪.
અમદાવાદ.
**CODE–GJ00883**

H.M.PRAJAPATI P.A.